૧૨ અનુપમ રૂપવંતી મેહેર એકાંતમાં આવા આવા વિચારો કરતી પોતાનાં ભાગ્યને ઠપકો આપતી કાળ ગાળવા લાગી.
૧૩ પોતાની જીંદગીનું વૃત્તાંત સંભારીને વચ્ચે વચ્ચે કહેવા લાગી કે.
૧૪ હાય! મારૂં રૂપ મારા પ્રાણપતીના ખુનનું કારણ થયું;
૧૫ ઇશ્વિર, મને આવું રૂપ ન આપતાં કરૂપ બનાવી હોત તો આટલા બધા ખુનો, આટલો બધો કોલાહલ, આટલો બધો લોહીનો પ્રવાહ, એ બધું બીલકુલ થવાજ પામત નહી.

ઘોડેસ્વાર.

૧ એક ઘોડેસ્વાર નવદ્વીપ તરફ જતો હતો.
૨ આ વખતે આકાશ વાદળાં વિનાનું હતું.
૩ મધ્યાન્હે પોતાના ઘોડાને પૂર વેગે મુકી તે કેટલેક દુર આવેલા એક મોટા મેદાનમાં આવી પહોંચ્યો.
૪ આ ઘોડેસ્વારની વય એકવીસ વરસ કરતાં કંઇક વધારે હતી.
૫ તેનું મુખમંડળ અતિ સુંદર અને ઉદારતાસુચક જણાતું હતું.

बेगम.

१ माझे वडील म्हणत असत कीं तुझ्या भाग्यांत राजयोग लिहिला आहे.

२ काय, एक राणी कंगालाप्रमाणें दासींच्या महालांत आयुष्य काढीत आहे !

३ जळलें, बादशाहाची बेगम होण्यांत काय अर्थ आहे.

४ हजारों स्त्रिया प्रथम तर खूबसुरतीमुळें बेगम पदाला पावतात.

५ पण जेव्हां दुसरी एकादी विशेष रूपवती स्त्री आढळते तेव्हां त्या बेगमचे बाराच वाजतात.

६ व थोड्या दिवसांत तिला खुद्द महालांत इतर बेगमाबरोबर रात्रंदिन, नवरा असून रांडपणा भोगण्याचे दिवस येऊं लागतात.

७ तशी बेगम होण्यापेक्षां दासी होण्यांतच लाभ आहे.

८ जें सुख दासींना मिळतें तें बेगमाना पण मिळत नाहीं.

९ त्या म्हटल्या जातात बादशहाच्या बेगमा, पण बिचाऱ्या मरेपर्यंत कैद भोगतात.

१० नबाब, आपल्या बेगमांखेरीज इतर हलक्या जातीच्या स्त्रियांच्याही प्रेमांत पडलेले असतात.

११ अफसोस ! माझ्या भाग्यांत बेगम बनण्याचें जर लिहिलें असेल, तर पुनः मेलीं हल्लींपेक्षांही जास्त दुःख अनुभवणें भाग पडेल.

१२ अनुपम रूपवती मेहेर एकांतांत असे विचार करीत आपल्या भाग्यालों ठपका देत काळ काढूं लागली.

१३ आपल्या जीविताचा वृत्तांत आठवून मध्यंतरी म्हणूं लागली कीं,

१४ हाय ! माझें रूप माझ्या प्राणपतीच्या खुनास कारण झालें.

१५ ईश्वरा ! मला असें रूप न देतां कुरूप बनविली असतीस तर इतके खून, इतका कोलाहल, इतका रक्ताचा प्रवाह, हें सर्व बिलकूल झालेंच नसतें.

घोडेस्वार.

१ एक घोडेस्वार नवद्वीपाकडे जात होता.

२ या वेळीं आकाश अभ्राशिवाय होतें.

३ माध्यान्हीं घोडा खूब जोरानें सोडून तो थोड्या अंतरावर असलेल्या एका मोठ्या मैदानांत येऊन पोंहोचला.

४ या घोडेस्वाराचें वय २१ पेक्षां थोडें जास्त होतें.

५ त्याचें मुखमंडल अति सुंदर व उदारतासूचक दिसत होतें.

૬ તેના વિશાળ શરીર ઉપર લોહબખ્તર હતું.
૭ માથા ઉપર એક મણીમય નહાની પાઘડી હતી.
૮ કમરપટામાં કટાર, તરવાર, પીઠ પાછળ મોટી ઢાળ અને તેના જમણા હાતમાં એક ભાલો હતો.
૯ ઘોડેસ્વારનો આ વેશ તે વખતે બંગાળ પ્રાંતના દરેક રહેવાશીઓના મનમાં ભય ઉપજાવતો હતો.
૧૦ તેને જોવાથી કોઈપણ માણસ કહી શકે કે આ ઘોડેસ્વાર કોઈ મરાઠા સૈનીક છે.
૧૧ ધીરે ધીરે વખત ચાલ્યો ગયો.
૧૨ ભગવાન્ સૂર્યનારાયણ પોતાની પ્રચંડ રશ્મીજાળ વિસ્તાર કરવા લાગ્યો.
૧૩ તેથી તે પાછો ઘોડાને પૂરે વેગે મુકી પોતાને પંથે પડયો.
૧૪ તે જે રસ્તે થઇને ચાલ્યો જતો હતો તેની દક્ષીણ બાજુએ એક વિસ્તીર્ણ મેદાન આવેલું હતું.
૧૫ આ મેદાનની શોભા જોવાની ઇચ્છાથી સ્વાર ધીરે ધીરે પોતાનો ઘોડો ચલાવી ચારે તરફ દૃષ્ટી કરતો મનમાં નાના પ્રકારની ચિંતાને સ્થાન આપતો ચાલ્યો જતો હતો.
૧૬ ઘણે દુર નિકળી ગયા પછી રસ્તાના શ્રમથી સ્વાર ઘણો કલાંત થઇ ગયો.
૧૭ તેથી આટલામાંજ કયાંઇ જગો હોય તો બે ઘડી વિસામો લઇ, પછી આગળ જાઉં, એવી ઇચ્છાથી તે જગ્યાની શોધમાં પડયો.

પ્રપંચ.

૧ દાસીની વાતચીત ઉપરથી સમરસિંહ વધારે વ્હેમાયો.
૨ દાસી શિવાય બીજી બધી સ્ત્રીઓનાં મ્હોડાપર બુરખા હતા.
૩ તેથી આમાં ઇંદુકુમારી કોણ તે શોધી કહાડવા તે ગુંચવાયો.
૪ અંતે તેણે એક સ્ત્રીપાસે જઈ કહ્યું કે "રાજકુમારી, જયાં સૂધી તમે તમારૂ મુખ બતાવશો નહીં ત્યાં સૂધી હું અહીંથી એક પગલું પણ આગળ મૂકનાર નથી.
૫ આથી તે સ્ત્રીએ જાણ્યું કે હવે આપણો પ્રપંચ ચાલશે નહી.
૬ તેથી તેણે બુરખો દુર કર્યો.
૭ સમરસિંહે વિસ્મય પામી જોયું તો તે રાજકુમારી નથી પણ અઢાર વરસની એક સુંદર રમણી છે.
૮ તેનો વર્ણ તપાવેલા કુંદનને પણ નીચું જોવડાવે એવો મનોહર હતો.
૯ સમરસિંહ સ્થીર દૃષ્ટીએ તે રૂપરાશીને જોઇ સંદેહની નજરે બોલ્યો "તમે કોણ રાજકન્યા છો " ઉત્તર નહીં મળવાથી સમરસિંહ ક્રોધ કરી બોલ્યો

६ त्याच्या विशाल शरीरावर चिलखत होतें.
७ माथ्यावर एक लहान मणीमय पागोटें होतें.
८ कमरपट्यांत कट्यार, तरवारें, पाठीमागें मोठी ढाल; आणि त्याच्या उजव्या हातांत एक भाला होता.
९ घोडेस्वाराचा हा वेष, त्या वेळीं बंगालप्रांतांतील दरेक रहिवाश्याचे मनांत भय उपजवीत होता [असे].
१० त्याला पाहून कोणीही माणूस सांगूं शकेल कीं, हा घोडेस्वार कोणी मराठा सैनिक आहे.
११ धीरे धीरे वेळ चालला गेला.
१२ भगवान् सूर्यनारायण आपल्या प्रचंड रश्मिजाळाचा विस्तार करूं लागला.
१३ त्यामुळें त्यानें घोड्याला पुन: पुन्या वेगानें सोडून, तो आपल्या रस्त्यास लागला.
१४ तो ज्या रस्त्यावरून जात होता, त्याच्या दक्षिणबाजूला, एक विस्तीर्ण मैदान आलें होतें.
१५ या मैदानाची शोभा पाहण्याच्या इच्छेनें स्वार आपला घोडा धीरे धीरे चालवीत, चोहीकडे दृष्टी टाकीत, मनांत नाना प्रकारच्या चिंतेला जागा देत चालला होता.
१६ खूब दूर निघून गेल्यानंतर रस्त्याच्या श्रमानें स्वार फार क्लांत होऊन गेला.
१७ त्यामुळें इतक्यांतच कोठें जागा असेल तर दोन घटका विश्रांति घेऊन; नंतर पुढें जाऊं, अशा इच्छेनें तो जागेच्या शोधांत पडला.

प्रपंच.

१ दासीच्या बोलण्यावरून समरसिंहाला जास्त वहीम आला.
२ दासीशिवाय बाकी सर्व स्त्रियांच्या तोंडावर बुरखे होते.
३ त्यामुळें, यांत इंदुकुमारी कोणती, तें शोधून काढण्यास तो घोटाळला.
४ अंतीं त्यानें एका स्त्रीजवळ जाऊन म्हटलें कीं, "राजकुमारी जोंपर्यंत तुम्ही तुमचें मुख दाखविणार नाहीं, तोंपर्यंत मी एथून एक पाऊलही पुढें टाकणार नाहीं.
५ त्यामुळें त्या स्त्रीस वाटलें कीं, आतां आपला प्रपंच (कपट) चालणार नाहीं.
६ म्हणून तिनें बुरखा दूर केला.
७ समरसिंहास आश्चर्य वाटून (त्यानें) पाहिलें तों ती राजकुमारी नव्हे पण अठरा वर्षांची एक सुंदर रमणी आहे.
८ तिचा वर्ण तापलेल्या सोन्यासही खालीं पाहवील असा मनोहर होता.
९ समरसिंह स्थिरदृष्टीनें त्या रूपराशीला पाहून साशंक दृष्टीनें म्हणाला "तुम्ही कोण, राजकन्या आहांत" उत्तर न मिळाल्यामुळें समरसिंह रागावून बोलला.

૧૦ દુરાચરણીઓ, મારી સાથે પણ તમે પ્રપંચ ચલાવો છો?
૧૧ શું કરૂં, તમે નિરાધાર અબળાઓ છો, નહીં તો આજ વખતે હું આ કૃત્યનું ફળ તમને આપતે.
૧૨ પેલી દાસી પગમાં પડી રડતાં રડતાં બોલી અમે કોઈ પણ ખોટા વિચારથી આ કામ કર્યું નથી.
૧૩ આ યુવતી એક મુસલમાન સરદારની પુત્રી છે, અને તે અગાધ સંપત્તીની માલીક છે.
૧૪ એ તમારા પ્યારમાં પડી છે માટે એનો હાથ કબુલ કરી તમે અમારી સાથે ચાલો.
૧૫ "સમર બોલ્યો" દુરાચરણી, તું મને એક નીચ માણસના જેવો ઈંદ્રીયપરાયણ જાણે છે?
૧૬ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી મુસલમાનોની સાથે લઢીશ.

આમદેહ.

૧ બંગાલ પ્રાંતના નવદ્વીપ જીલ્લામાં અને હાલના મેહેરપુર નગરની પાસે આમદેહ નામે એક નગર હતું જે આજકાલ એક ગામડા જેવું થઈ ગયું છે.
૨ તે નગરમાં અંબાલાલ સિંહ નામે એક મરાઠા જાગીરદાર આવીને વસ્યો હતો.
૩ ઔરંગજેબની કૃપાથી તેણે ઘણી જાગીરો મેળવીને 'મહારાજાની' પદ્વી પ્રાપ્ત કરી.
૪ રાઘવચંદ્ર સિંહ એમણાંજ વંશજ હતા.
૫ કેટલાંક વર્ષ ઉપર દીલ્હીશ્વરની અવસ્થા કેવળ હીન થઇ જવાથી તેઓ રાઘવસિંહના પિતાને એક રીતે સ્વાધીન થઇ પડયા.
૬ મુર્શીદાબાદના સુબાની સાથે તેઓનો પ્રજા સંબંધ ન હતો તો પણ વખતો વખત સુબાને મદદ કરી તેઓ તેને ખુશી રાખતા કે જેથી તે કોઇ વખત તેમનાથી આડો જાય નહીં.
૭ આ જાગીરદારો દક્ષીણ દેશના રજપૂતો હતા.
૮ તેની બંગાલ દેશના લોકોને શા કારણથી ખબર ન હતી તે સમજાતું નથી.
૯ પરંતુ બંગાલના લોકો એમને ગોવાળ કહેતા.
૧૦ રાઘવસિંહે પોતાના વડીલોનું ઐશ્વર્ય અને જાગીરો મેળવી નગરમાં એક પ્રચંડ અને દુર્ભેદ્ય કિલ્લો બંધાવ્યો.
૧૧ જેના ભાગ્યા તુટ્યા ભાગની હજી પણ ત્યાં નિશાનીઓ જોવામાં આવે છે.
૧૨ મરાઠાઓ અત્યાર સુધી આજુબાજુનાં બીજા રાજ્યો લેવામાં રોકાયલા હોવાથી તેઓ બંગાલ તરફ આવી શકયા નહોતા.
૧૩ પરંતુ બંગાળ પ્રાંત કબજે લેવાનો લોભ તેમણે મૂકયો નહતો.

१० दुराचरणी हो, माझ्याशींही तुम्ही प्रपंच चालवितां !
११ काय करूं ! तुम्ही निराधार अबला आहांत, नाहीं तर याच वेळीं मी या कृत्याचें फळ तुम्हांला दिलें असतें !
१२ ती दासी पायां पडून रडत रडत म्हणाली, आम्ही कोणत्याही वाईट विचारानें हें काम केलें नाहीं.
१३ ही युवती एका मुसलमान सरदाराची कन्या आहे व ती अगाध संपत्तीची मालकीण आहे.
१४ हिचें तुमच्यावर प्रेम जडलें आहे करितां इचा हात कबूल करून तुम्ही आमच्या बरोबर चला.
१५ समर म्हणाला " दुराचरणी, तूं मला एकाद्या नीच माणसाप्रमाणें इंद्रियपरायण समजतेस ?
१६ देहांत प्राण आहे तोंपर्यंत मुसलमानांशीं लढेन.

आमदेह.

१ बंगाल प्रांतांतील नवद्वीप जिल्ह्यांत; आणि हल्लींच्या मेहेरपुर नगराजवळ आमदेह नांवाचें एक नगर होतें, जें आजकाल एका खेड्याप्रमाणें झालें आहे.
२ त्या नगरांत अंबालालसिंह नामें एक मराठा जहागीरदार येऊन राहिला होता.
३ औरंगजेबाच्या कृपेनें त्यानें पुष्कळ जहागिरी मिळविल्या, व महाराजा ही पदवी प्राप्त केली.
४ राघवचंद्रसिंह यांचाच वंशज होता.
५ कित्येक वर्षांपूर्वी दिल्लीश्वरांची अवस्था हीन होऊन गेल्यानें तें राघवचंद्रसिंहाच्या बापाच्या, एक तऱ्हेनें आधीन होऊन पडले.
६ मुर्शिदाबादच्या सुभ्याशीं त्यांचा प्रजासंबंध नव्हता; तरी पण वेळोवेळीं सुभ्याला मदत करून त्याला खुशी ठेवीत असत कीं, जेणेंकरून तो कधींकाळीं त्यांना आडवा येऊं नये.
७ हे जहागीरदार दक्षिण देशांतील रजपूत होते.
८ त्यांची बंगाल देशाच्या लोकांना काय कारणानें माहिती नव्हती, तें समजत नाहीं.
९ परंतु बंगालचे लोक त्यांना गोवाळ म्हणत.
१० राघवसिंहानें आपल्या वडिलांचें ऐश्वर्य व जहागिरी मिळवून नगरांत एक प्रचंड व दुर्भेद्य किल्ला बांधिला.
११ त्याच्या मोडक्या तोडक्या भागाची अजूनही तेथें निशाणी दिसण्यांत येते.
१२ मराठे अद्यापपर्यंत आजूबाजूचीं इतर राज्यें घेण्यांत गुंतल्यामुळें त्यांच्याच्यांनीं बंगाल्याकडे येववलें नव्हतें.
१३ परंतु बंगालप्रांत कबज्यांत घेण्याचा लोभ त्यांनीं सोडिला नव्हता.

માંદગી.

૧ નાગપુરાધિપતી મહારાજ રાઘોજીએ એકજ વસ્ત્રથી પોતાનું શરીર ઢાક્યું હતું.
૨ તેમની પાસે કોઇપણ માણુસ ન હતું.
૩ ફક્ત એક અનુચર પાસે ઉભો રહી ચમ્મર ઢાળતો હતો.
૪ છાવણીમાંના સૈનિકો ચિંતાતુર હતા.
૫ ત્યાં હવે પ્હેલાંના જેવી ખુશી નથી.
૬ સઘળું શૂન્યતામય હતું કારણ રાઘોજી અતીશય પીડીત છે.
૭ તેમની ડાબા હાથની એક આંગળીપર મોટો ઘા પડયો હતો.
૮ ઘણી દવાઓ ચોપડવામાં આવી હતી પરંતુ તેથી સહેજ પણ ઉપશમ થયો નહીં.
૯ મહારાજે પેહલાં તો દુઃખને ગણકાર્યું નહીં પણ અતીશય વેદનાને લીધે તેમનો બલીષ્ટ દેહ પીડા પામવા લાગ્યો.
૧૦ ધીરે ધીરે જ્વરનો આરંભ થયો.
૧૧ ત્રણ દહાડા સુધી મહારાજા પથારી વશ રહી સર્વદા વેદનાથી પીડિત થવા લાગ્યા.
૧૨ તે યુદ્ધપ્રિય હતા પણ વ્યાધીગ્રસ્ત થવાથી તેઓ ન છુટકે ત્રણ દિવસ સુધી પથારીમાં રહ્યા.
૧૩ આ અવસ્થા તેમને વિષવત્ લાગી.
૧૪ તેઓ કોઇ કોઇ વખત બળપૂર્વક પથારીમાંથી ઉઠી બહાર જતાં ત્યારે સેવકો કોઇ વખત અનેક યત્નથી શાંત કરી તેમને પાછા પથારીમાં સુવડાવતા.
૧૫ આવી રીતે બેજ દીવસમાં મહારાજાની વિશાળ દેહ ક્ષીણ થઇ ગઇ.
૧૬ તેનો રમણીય વર્ણ અને મુખ કાંતિ પણ વિકૃત થઇ ગયા.
૧૭ રાજવૈદ્ય અને હકીમો પુસ્તકોનાં પાનાં ઉલથાવી ઉપાયો શોધતા હતા પણ મહાજારાની પીડા જેવી ને તેવીજ.

લોભી.

૧ એટલામાં વૃષ્ટી થવા લાગી.
૨ તેથી આકાશ મંડળની ગંભીર જલદરાશી દૂરભૂત થઇ.
૩ અગ્ની સ્પર્શે, ઘૃત જેવી રીતે ઓગળી જાય છે તેવી રીતે ભગવાન અંશુમાલીની ખરતર રસ્મીજાળથી ગગનમંડળની ઘનરાશી પણ ઓગળીને અંતર્હિત થઇ ગઇ.
૪ સંધ્યાકાળ થયો.
૫ છાવણીમાંનો લોકસમૂહ પોતપોતાનું કાર્ય આટોપી સ્થાન તરફ જવા લાગ્યો.
૬ ભાસ્કર અવાકની પેઠે, પ્રકૃતીની આવી મધુમય લીલા જોઇ રહયો છે.

आजार.

१ नागपुराधिपती महाराज राघोजीनें फक्त एकाच वस्त्रानें आपलें शरीर झांकिलें होतें.
२ त्यांच्याजवळ कोणीही माणूस नव्हतें.
३ फक्त एक अनुचर जवळ उभा राहून चवरी ढाळीत होता.
४ छावणींतील सैनीक चिंतातुर होते.
५ तेथें हल्लीं पहिल्याप्रमाणें चैन नव्हती.
६ सगळें शून्यतामय होतें, कारण राघोजी अतिशय पीडेंत होते.
७ त्यांच्या डाव्या हाताच्या एका बोटाला मोठी जखम पडली होती.
८ पुष्कळ औषधें चोपडण्यांत आलीं पण त्यांनीं थोडा देखील उपशम झाला नाहीं.
९ महाराजांनीं प्रथम तर दुःखास गणकारलें नाहीं; पण अतिशय वेदनांमुळें त्यांचा बलिष्ठ देह पीडा पावूं लागला.
१० हळूहळू ज्वरास आरंभ झाला.
११ तीन दिवसपर्यंत महाराज पथारींत पडून राहून सर्वदा वेदनामुळें पीडित होऊं लागले.
१२ ते युद्धप्रिय होते, परंतु व्याधिग्रस्त झाल्यानें ते सुटकाच नाहीं म्हणून, तीन दिवसपर्यंत पथारींत राहिले.
१३ ही अवस्था त्यांना विषवत् लागली.
१४ ते केव्हां केव्हां बळेच पथारींतून उठून बाहेर जात, तेव्हां सेवक लोक अनेक यत्न करून त्यांना शांत करून परत पथारींत निजवीत.
१५ या रीतीनें दोनच दिवसांत महाराजांचा विशाळ देह क्षीण होऊन गेला.
१६ त्यांचा रमणीय वर्ण व मुखकांती हीं विकृत होऊन गेलीं.
१७ राजवैद्य आणि हकीम लोक पुस्तकांचीं पानें उलथून उपाय शोधीत असत; पण महाराजांची पीडा जशीची तशीच.

लोभी.

१ इतक्यांत वृष्टी होऊं लागली.
२ त्यामुळें आकाशमंडळांतील गंभीर जलदराशी दूर झाली.
३ अग्निस्पर्शानें, घृत ज्याप्रमाणें वितळून जातें, त्याप्रमाणें भगवान् अंशुमालीच्या प्रखर रश्मिजालानें गगनमंडळांतील घनराशीही वितळून अंतर्हित झाली.
४ संध्याकाळ झाली.
५ छावणींतील लोकसमूह आपापलें कार्य आटोपून स्थानांकडे जाऊं लागला.
६ भास्कर, मुक्यांप्रमाणें प्रकृतीची अशी मधुमय लीला पाहत राहिला.

૭ પરંતુ તેથી તેના મનમાં સહેજ પણ પ્રીતી જમી નહીં.
૮ પ્રકૃતીની શોભા નિહાળી કોનું મન સંતુષ્ટ થાય છે?
૯ ઋતુના ફેરફારથી અવની સુંદરી જે નવ મોહની ભૂષણોએ ભૂષીત થાય છે તે જોઇ કોનું મન ગલિત થાય છે.
૧૦ પ્રાતઃ શિશિરથી ડોલાયમાન થતી પત્રાવલિ અથવા મુક્તા જેવા તે ઉપરથી પડતાં ઓસ બિંદુ જોઇ કોનું મન આનંદે નૃત્ય કરે છે?
૧૧ જેનું મન નિર્મળ હોય છે, જેનું ચિત્ત સરળ અને ચિંતાશૂન્ય હોય છે, જેનું મન ભ્રમથી પણ કદી નીચ માર્ગે વળતું નથી. જેનું મન ધર્મપંથે સદા રત હોય છે, અને જેનું અંતઃકરણ પરમેશ્વરના પવિત્ર પ્રેમમાં પચેલું હોય છે તેજ પ્રકૃતીની અપૂર્વ શોભાથી મનને આનંદીત કરે છે.
૧૨ પરંતુ ભાસ્કરનું મન એનાથી વિપરીત હતું.
૧૩ તે અતીશય વિશ્વાસઘાતકી, કપટી અને લોભી હતો.
૧૪ કેવી રીતે રાઘોજીના મરણ પછી નાગપૂરની ગાદીએ બેસવું એજ વિચાર હંમેશા તેના મનમાં ઘોળાયાં કરતાં હતા.

રાત્ર.

૧ ધીરે ધીરે ચંદ્રમાં ઉદય પામવાથી પૃથ્વી કૌમુદીમય બની ગઈ.
૨ ચારે તરફ મંદ શીતલ વાયુ વાવા લાગ્યો.
૩ રાત્રી ઘણી વીતિ ગઇ.
૪ છાવણીમાં સઘળા વાળુપાણી કરી નિદ્રાવશ થયા.
૫ ચોતરફ નિઃશબ્દતા પસરાઇ ગઈ.
૬ પહેલાં ઠેકાણે ઠેકાણે સિપાઇઓના ગીતવાદ્ય ચાલતાં હતાં તે પણ હમણાં બંધ હતા.
૭ આ વખતે કેવળ કીટપતંગનો ઝીણો રવ અથવા દૂરના મેદાનમાંથી કુતરાનું ભસવું કે કોઇ કોઇ વખત ઘોડાઓનો હણુહણાટ, એ શિવાય છાવણીમાં બીજું કંઇ સંભાળાતું ન હતું.
૮ સમરસિંહના તંબૂની વચ્ચે પલંગ ઉપર કોઇ માણુસ આખા શરીરે વસ્ત્ર ઓઢી સુતો હતો.
૯ આ વખતે તંબુના બારણામાં માણસની છાયા પડી અને ત્યાર પછી એક પ્રચંડ પુરૂષ હાથમાં તરવાર લઇ ધીરે ધીરે પલંગની પાસે જઇને ઉભો રહયો.
૧૦ તંબુમાં આવનાર માણુસ બીજો કોઇ નહીં પણ ફુલાજી હતો.
૧૧ જેવો તેણે પલંગપર સુતેલા માણુસપર ઘા કરવાને માટે હાથ ઉંચો કર્યો, તેવોજ પાછળથી કોઇએ તેનો હાથ પકડી લીધો.

७ परंतु त्यामुळें त्याच्या मनांत थोडीसुद्धां प्रीति उपजली नाहीं.
८ प्रकृतीची शोभा पाहून कोणाचें मन संतुष्ट होतें ?
९ ऋतूंच्या फेरफारांमुळें अवनी सुंदरी ज्या नवीन मोहक भूषणांनीं भूषित होते, ती पाहून कोणाचें मन गलित होतें !
१० प्रातःशिशिरानें दोलायमान होणारी पत्रावली, अथवा मोत्याप्रमाणें त्यावरून पडणारे द्रव-बिंदु पाहून कोणाचें मन आनंदानें नृत्य करितें ?
११ ज्याचें मन निर्मळ असतें, ज्याचें चित्त सरळ व चिंताशून्य असतें, ज्याचें मन भ्रमानेंसुद्धां नीचमार्गीं वळत नाहीं, ज्याचें मन धर्मपंथांत सदा रत असतें; आणि ज्याचें अंतःकरण परमेश्वराच्या पवित्र प्रेमांत पचलेलें असतें, तोच प्रकृतीच्या अपूर्व शोभेनें मनाला आनंदित करतो.
१२ परंतु भास्कराचें मन याच्या विरुद्ध होतें.
१३ तो अतिशय विश्वासघातकी, कपटी; आणि लोभी होता.
१४ कशारीतीनें राघोजीच्या मरणानंतर नागपूरच्या गादीवर बसावें, हेच विचार नेहमीं त्याच्या मनांत घोळत असत.

रात्र.

१ हळु हळु चंद्रमा उदय पावल्यानें पृथ्वी कौमुदीमय झाली.
२ चोंहीकडे मंद शितळ वायु वाहूं लागला.
३ रात्र फार निघून गेली.
४ छावणींतील सर्व (लोक) भोजन करून निद्रावश झाले.
५ चोंहीकडे निःशब्दता पसरली.
६ पूर्वी ठिकठिकाणीं शिपायांचें गाणें बजावणें चालत असे, तेंही हल्लीं बंद होतें.
७ या वेळीं केवळ कीटपतंगाचा बारीक रव अथवा दूरच्या मैदानांतील कुत्र्याचें भोंकणें किंवा केव्हां केव्हां घोड्याचें खेंकाळणें याशिवाय छावणींत दुसरें कांहीं ऐकूं येत नव्हतें.
८ समरसिंहाच्या तंबूच्यामध्यें पलंगावर कोणी मनुष्य सर्व शरीरावर वस्त्र पांघरून निजला होता.
९ या वेळीं तंबूच्या दरवाज्यांत मनुष्याची छाया पडली आणि त्यानंतर एक प्रचंड पुरुष हातांत तरवार घेऊन हळूहळू पलंगाजवळ जाऊन उभा राहिला.
१० तंबूंत येणारा मनुष्य दुसरा कोणी नव्हे तर फुलाजी होता.
११ त्यानें पलंगावर निजलेल्या मनुष्यास वार करण्याकरितां हाथ वर केला, तों लागलीच पाठीमागून कोणी त्याचा हात धरला.

૧૨ તેને પાછળ ફરીને જોયું તો સમરસિંહ ક્રોધીત થઇ શાર્દુલની પેઠે ગર્જના કરતો ઉભો છે.

૧૩ તે ઘાતકી, સમરસિંહના પગમાં પડી બોલ્યો, 'સ્વામિન, ક્ષમા કરો, મારો ભ્રમ દૂર થયો, મેં ઘણાં કુકર્મો કર્યાં છે.

૧૪ ફરી તેને વાક્યસ્ફૂર્તિ થઇ નહી પણ તે નિઃશબ્દે રૂદન કરવા લાગ્યો.

દિલદાર શત્રુ.

૧ હું ધારૂં છું કે મારો પત્ર મળતાંજ આપ ઘણા આશ્ચર્યચકિત થશો.

૨ કારણ કે આપણે એક બીજાના શત્રુ હોઇને વખત મળે એક બીજાનું અનિષ્ટ કરવા તૈયાર થયા છીએ.

૩ આ વખતે મિત્રની પેઠે પત્ર લખવાનો વખત નથી.

૪ ત્યારે આપ કહેશો કે આ પત્ર કેમ લખ્યો ?

૫ તેના ઉત્તરમાં એટલુંજ કહેવાનું કે, આજ બે મહિના થયા આપ ભયંકર માંદગીવશ થઇ, અસહ્ય દુઃખ ભોગવો છો.

૬ આપની શાસ્ત્રસમ્મત જેટલા પ્રકારની ચિકિત્સા છે તે સઘળાની પરીક્ષા કરવામાં આવી છે. પરંતુ હું સાંભળીને ઘણો દીલગીર થયો છું કે અત્યાર સુધી તેનાથી કાંઈ ફળ નિપજ્યું નથી.

૭ ત્યારે હું એટલુંજ પુછું છું કે આપ આ વ્યાધીથીજ આપનો દેહ પતિત કરશો?

૮ જો એમ થાય, તો મારા મનની ઇચ્છા મનમાંજ રહેશે.

૯ લોકો કહેશે કે રાઘોજી અતિ વીર પુરૂષ હતો;

૧૦ તેણે પોતાની હયાતીમાં પોતાના બાહુબળે અલિવર્દિખાનના રાજ્યપર ચઢાઇ કરી હતી.

૧૧ તે જો આ રોગથી મરણ પામ્યો ન હોત તો ખાનનો પરાભવ કરત.

૧૨ મારી ઇચ્છા એજ છે કે આપ રોગમુકત થયા પછી યુદ્ધદ્વારા આપને પરાસ્ત કરૂં અને આપની પાસે કહેવડાવું કે મુસલમાનો ખરા વીર પુરૂષો છે.

૧૩ અને તેમ થવાથી અમારો પવિત્ર ધર્મ આપની પાસે સ્વીકાર કરાવું

૧૪ એટલાજ માટે મે જે યોગીવરને મોકલ્યા છે તેની દવા સેવન કરી આપ રોગમુક્ત થશો એ વિનંતી.

१२ त्यानें मागें फिरून पाहिलें तों समरसिंह क्रोधित होऊन शार्दूलाप्रमाणें गर्जना करीत उभा आहे.

१३ तो घातकी, समरसिंहाच्या पायां पडून म्हणाला, स्वामिन् क्षमा करा. माझा भ्रम दूर झाला, मी फार कुकर्में केलीं आहेत.

१४ पुन्हां त्याला वाक्यस्फूर्ती झाली नाहीं; पण तो निःशब्दपणें रडूं लागला.

दिलदार शत्रु.

१ मला वाटतें कीं, माझें पत्र मिळतांच आपण फार आश्चर्यचकित व्हाल.

२ कारण कीं, आपण एकमेकांचे शत्रु असून; वेळ मिळाल्यास एकमेकांचें अनिष्ट करण्यास तयार झालों आहोंत.

३ या वेळीं मित्राप्रमाणें पत्र पाठविण्याची वळ नाहीं.

४ तर मग आपण म्हणाल कीं, हें पत्र कां लिहिलें ?

५ त्याच्या उत्तरीं इतकेंच सांगावयाचें कीं, आज दोन महिने झाले; आपण भयंकर अजारवश होऊन असह्य दुःख भोगीत आहांत.

६ आपली शास्त्रसंमत जितक्या प्रकारची चिकित्सा आहे; त्या सर्वप्रकारची परीक्षा करण्यांत आली आहे; परंतु ऐकून फार दिलगीर झालों आहे कीं, अद्यापपर्यंत त्यायोगें कांहीं फळ उपजलें नाहीं.

७ तर मग मी इतकेंच विचारितों कीं, आपण या व्याधीनेंच आपला देह पतीत करणार !

८ जर असें होईल, तर माझ्या मनाची इच्छा मनांतच राहील.

९ लोक म्हणतील कीं, राघोजी अति वीरपुरुष होता.

१० त्यानें आपल्या हयातींत आपल्या बाहुबलानें अलिवर्दीखानाच्या राज्यावर चढाई केली होती.

११ तो जर या रोगानें मरण पावला नसता, तर तो खानाचा पराभव करता.

१२ माझी इच्छा हीच आहे कीं, आपण रोगमुक्त झाल्यावर युद्धद्वारा आपणाला पराजित करीन, व आपल्याकडून म्हणवीन कीं, मुसलमान खरे वीरपुरुष आहेत.

१३ आणि असें झाल्यानें आमचा पवित्र धर्म आपल्याकडून स्वीकारवीन.

१४ इतक्याचकरितां मी ज्या योगीवरांना पाठविलें आहे, त्याचें औषध सेवन करून आपण रोगमुक्त व्हावें; ही विनंति.

સ્વપ્ન.

૧ નિદ્રામાં મહારાજે એક સ્વપ્ન જોયું.
૨ તેને જણાયું કે તે પોતાની રાજધાની નાગપુરમાં આવીને રહયો છે.
૩ એક દિવસે સવારે તે રાજમહેલ પાસેના દેહરામાં જાય છે.
૪ મંદીરમાં જઇ તેણે કાલિકાની મૂર્તીને પ્રણામ કર્યા.
૫ આ વખતે દેવીની સામે બે દીવા બળતાં હતા.
૬ પરંતુ ત્યાં કોઇ માણસ જણાતું ન હતું.
૭ એટલામાં અકસ્માત મંદીરમાંથી ગંભીર નાદ થવા લાગ્યો.
૮ આવો ભયંકર નાદ તેણે કદીપણ સાંભળ્યો ન હતો.
૯ તેણે ધાર્યું કે આ દુંદુભી નાદ થાય છે.
૧૦ પણ કયાં થાય છે ? તે જોવાની ઇચ્છાથી રાઘોજી ચારે તરફ જોવા લાગ્યો.
૧૧ એટલામાં તેણે જોયું કે પ્રતિમાની પાછળ એક બુરખાવાળી સ્ત્રી ઉભી છે.
૧૨ વાદળાંથી છવાયલા ચંદ્રમાની પેઠે તે રમણીની વર્ણપ્રભા વસ્ત્રમાંથી પ્રકાશ પાડતી હતી.
૧૩ આ ઘોર રવે ભયાભીત થઇ મહારાજે તે રમણીપાસે જવા માંડયું.
૧૪ પરંતુ જતાં જતાં રસ્તામાં તેને જણાયું કે તેના કોઈ કેશ પકડે છે.
૧૫ પાછળ ફરી જોયું તો તેનાથી તે કંપી ઉઠયો.
૧૬ એજ મંદીરની દેવી કાલિકા પોતાના ડાબે હાથે રાઘોજીના કેશ પકડી જમણા હાથમાં એક મોટી તલવાર લઇ તેનું મસ્તક છેદન કરવા તૈયાર થઇ છે.
૧૭ દેવીની બન્ને બાજુએ વિકટ સ્વરૂપની બે સ્ત્રીઓ પોતાના હાથમાં બે નરમસ્તક લઇ આનંદે નૃત્ય કરે છે.
૧૮ હાથ જોડી તે બોલ્યો " હે માત, દાસનો અપરાધ ક્ષમા કરો. હવે કદી પણ પાપાચરણે પ્રવૃત્ત થઇશ નહીં. "

બલાત્કાર.

૧ મીરહબીબ–હું તને દુઃખ દેવા આવ્યો નથી પણ સુખી કરવા આવ્યો છું.
૨ મોહિની–પાપિષ્ટા ! આટલું આટલું દુઃખ દીધા છતાં તને હજુ સંતોષ વળ્યો નહીં.
૩ તારા સઘળા ઐશ્વર્યને હું તૃણવત્ જાણું છું.
૪ તું ખરો મુસલમાન નથી. એક નીચ કરતાં પણ તું નીચ છે.
૫ નિરાધાર અબલા ઉપર જે જુલમ ગુજરે છે તેના જીવતરને ધીક્કાર છે.
૬ તેનું મોઢું જોવામાં પણ એક જાતનું પાપ છે.

स्वप्न.

१ निद्रेमध्यें महाराजानीं एक स्वप्न पाहिलें.
२ त्यांना वाटलें कीं आपण आपली राजधानी नागपुर येथें येऊन राहिलों आहोंत.
३ एके दिवशीं सकाळीं आपण राजमहालाजवळच्या देवळांत जात आहोंत.
४ देवळांत जाऊन आपण कालिकेच्या मूर्तीस प्रणाम केला.
५ या वेळीं देवीच्या पुढें दोन दिवे जळत होते.
६ परंतु तेथें कोणी मनुष्य दिसत नव्हतें.
७ इतक्यांत अकस्मात् मंदिरांतून गंभीर नाद होऊं लागला.
८ असा भयंकर नाद आपण कधींहीं ऐकला नव्हता.
९ त्यांना वाटलें कीं हा दुंदुभीनाद होत आहे.
१० पण कोठें होतो तें पाहण्याचे इच्छेनें राघोजी चहूंकडे पाहूं लागला.
११ इतक्यांत त्याला दिसलें कीं, प्रतिमेच्या मागें एक बुरखा घेतलेली स्त्री उभी आहे.
१२ अभ्रांनीं झांकलेल्या चंद्राप्रमाणें त्या रमणीची वर्णप्रभा वस्त्रांतून प्रकाश पाडीत होती.
१३ म्हणून, घोर रवानें भयभीत होऊन, महाराजानीं त्या रमणीकडे जाण्याचा उपक्रम केला.
१४ परंतु जातां जातां रस्त्यांत त्याला वाटलें कीं, आपले कोणी केस धरीत आहे.
१५ मागें फिरून पाहिलें तों त्यामुळें तो कंपीत झाला.
१६ त्याच मंदीराची देवी कालिका हिनें डाव्या हातानें राघोजीचे केश धरून उजव्या हातांत एक मोठी तरवार घेऊन (ती) त्याचें मस्तक छेदन करण्यास तयार झाली आहे.
१७ देवीच्या दोन्ही बाजूला विकट स्वरूपाच्या दोन स्त्रिया आपल्या हातांत दोन नरमस्तकें घेऊन आनंदानें नृत्य करिताहेत.
१८ हात जोडून तो म्हणाला, हे माते, दासाचा अपराध क्षमा कर. आतां कधींह पापाचरणीं प्रवृत्त होणार नाहीं.

बलात्कार.

१ मीरहबीब—मी तुला दुःख देण्यास आलों नाहीं; पण सुख देण्यास आलों आहें.
२ मोहिनी—पापिष्ठा, इतकी दुःखें दिलीं असून तुला अद्याप संतोष होत नाहीं!
३ तुझ्या सर्व ऐश्वर्याला मी तृणवत् समजतें.
४ तूं खरा मुसलमान नाहींस, एकाद्या नीचापेक्षांही तूं नीच आहेस.
५ निराधार अबलेवर जो जुलूम करतो त्याच्या जीविताला धिक्कार असो.
६ त्याचें तोंड पाहण्यांतही एक जातीचें पाप आहे.

૭ હે દુરાચારી યવન, આ મોહિનીના ખોળીઆમાં જ્યાં સુધી પ્રાણ છે ત્યાંસુધી તારી નીચ કામના તું કોઈપણ રીતે પૂરી કરવાનું કદી પણ મનમાં ધારીશ નહીં.
૮ મીરહબીબ–તું મારા હાથમાંથી કોઇપણ રીતે છટકવા પામણાર નથી.
૯ જો રાજીખુશીથી તાબે નહીં થશે તો પછી બલાત્કારથી પણ તારા જેવા દેવદુર્લભ નિધીને હું લુટીશજ.
૧૦ આમ બોલી તેણે મોહનીનો જમણો હાથ પકડયો.
૧૧ જે પછી બીજો હાથ પકડી તેને નીચે પાડવા તૈયાર થયો ને તેણે આલિંગન કરવા ધાર્યું.
૧૨ જેવો તે આલિંગન કરાવા જાય છે તેવીજ મોહીનીએ ઉછળીને તેની છાતીમાં એવા જોરથી એક લાથ મારી કે તે પાપી દૂર જઇને પડયો.
૧૩ છોડાયલા વાઘની પેઠે મીરહબીબે ફલંગ મારીને તેની કમ્મર પકડી.
૧૪ તેને જમીનપર પાડી, પોતાની નીચ વાસના પુરી કરવા તત્પર થયો.
૧૫ એટલામાં બહારથી એક પ્રચંડ આઘાતની સાથે ઓરડાનાં બારણાં ઉખડી ગયાં અને આઠ હથિઆરબંધ માણસો અંદર દાખલ થયા.

કિલ્લો.

૧ આમદેહનો કિલ્લો અડધા કોશ કરતાં અધિક ચકડાવામાં હતો.
૨ રાજાના અંતઃપુરથી થોડે છેટે એક મોટું સરોવર હતું.
૩ તેની ચારે દિશાએ શિવાલયો હતાં.
૪ સરોવરમાં હંસ, સારસ વિગેરે પક્ષીઓ ક્રીડા કરી મનને આનંદ પમાડતાં હતાં.
૫ પાસે એક મનોહર બાગ હતો.
૬ જેમાં વિવિધ પુષ્પો ખિલીને ચોતરફ સુગંધ ફેલાવતાં હતાં.
૭ કિલ્લામાં જવા આવવાના માત્ર બે દરવાજા હતા.
૮ તેમાં દક્ષિણ દિશાનો હંમેશ બંધ રાખવામાં આવતો હતો.
૯ ચારે તરફ ઠેકઠેકાણે બુરજો હતી.
૧૦ કિલ્લો એવી મજબુત બાંધણીનો હતો કે મોટા લશ્કર વિના તેમાં પેસવાને કોઇ પણ શકિતમાન્ થાય નહીં.
૧૧ કિલ્લાની જમીન નીચેથી બહાર નિકળવાનો એક ગુપ્ત રસ્તો હતો.
૧૨ એ શિવાય કિલ્લામાં બે ત્રણ ભોંયરાં હતાં.
૧૩ સંકટ સમયે ત્યાં ભરાઇ રહ્યાથી, બહારનું કોઇપણ માણસ જાણી નહીં શકે કે આમાં માણસો છે.
૧૪ વળી કિલ્લાની બહાર એક મોટું મંદીર હતું, જેમાં કાળીની મૂર્તિની સ્થાપના થઇ હતી.

७ हे दुराचारी यवना, या मोहिनीच्या कुडींत जोंपर्यंत प्राण आहे, तोंपर्यंत तुझी नीच कामना तूं कोणत्याही रीतीनें पुरी करण्याचें कधींही मनांत धरूं नकोस.

८ मीरहबीब–तूं माझ्या हातांतून कोणत्याही रीतीनें निसटूं शकणार नाहींस.

९ जर राजीखुषीनें ताब्यांत नाहीं घालीस तर मग बलात्कारानेंही तुझ्यासारख्या देव-दुर्लभ-निर्धास मी लुटीनच.

१० असें बोलून त्याने मोहिनीचा उजवा हात धरला.

११ नंतर दुसरा हात पकडून तिला खालीं पाडण्यास तयार झाला व त्यानें (तिला) आलिंगन देण्याचें मनांत आणिलें.

१२ तो आलिंगन करूं जात आहे तोंच मोहिनीनें वर उसळून त्याच्या छातींत अशी जोरानें एक लात मारिली कीं तो पापी दूर जाऊन पडला.

१३ पिसाळलेल्या वाघाप्रमाणें मीरहबीबानें उडी मारून तिची कंबर धरली.

१४ तिला जमिनीवर पाडून, आपली नीच वासना पुरी करण्यास तो तयार झाला.

१५ इतक्यांत बाहेरून एक प्रचंड आघात होऊन, खोलीचे दरवाजे उघडले; आणि आठ हत्यारबंद माणसें आंत दाखल झालीं.

किल्ला.

१ आमदेहचा किल्ला घेरामध्यें अर्धकोसापेक्षां जास्त होता.

२ राजाच्या अंतःपुरापासून थोड्या अंतरावर एक मोठें सरोवर होतें.

३ त्याचे चारी दिशेस शिवालयें होतीं.

४ सरोवरांत हंस, सारस वगैरे पक्षी क्रीडा करून, मनाला आनंद देत होते.

५ जवळच एक मनोहर बाग होता.

६ त्यांत विविध पुष्पें फुलून चहूंकडे सुगंध फैलावीत होतीं.

७ किल्ल्यामध्यें जाण्यायेण्यास मात्र दोन दरवाजे होते.

८ त्यांतील दक्षिण दिशेचा नेहमीं बंद ठेवण्यांत येत असे.

९ चोहीकडे ठिकठिकाणीं बुरूज होते.

१० किल्ला इतक्या मजबूत बांधणीचा होता कीं, मोठ्या लष्कराशिवाय त्यांत शिरण्यास कोणीही शक्तिमान् होणार नाहीं.

११ किल्ल्याच्या जमिनीखालून बाहेर निघण्यास एक गुप्त रस्ता होता.

१२ याशिवाय किल्ल्यांत दोन तीन तळघरें होतीं.

१३ संकटसमयीं त्यांत लपून राहिल्यानें बाहेरच्या कोणाही मनुष्यास समजणें शक्य नव्हतें कीं, यांत माणसें आहेत.

१४ शिवाय किल्याचे बाहेर एक मोठें मंदीर होतें, ज्यांत कालीच्या मूर्तीची स्थापना झाली होती.

૧૫ રાજાનો આખો પરિવાર કાળિકા દેવીની સેવા કરવા નિયમિત આવતો હતો.
૧૬ ભૈરવ નદી કિલ્લાના મુખ આગળથી વેહેતી હતી.
૧૭ એ નદીનો પટ ઘણો મોટો હતો.
૧૮ નદીતીરે મોટા મોટા મેહલો હતા.
૧૯ ત્યા પ્રાતઃકાળે રાજા અને રાણીઓ બેસી ભૈરવ નદીની અપૂર્વ શોભા નિહાળી મનને આનંદિત કરતા હતા.
૨૦ હાલ તો એ કિલ્લો સ્મરણગમ્ય છે, દૃષ્ટિગમ્ય નથી.
૨૧ કાળની સત્તા અગાધ ! !

વલ્લભનો પત્ર.

૧ હું આપને યુદ્ધ પરાસ્ત કરી આ દેશમાંથી દુર કરવા આવ્યો છું.
૨ અહીં આવ્યા પછી આપણા સઘળા વિષયોથી હું જાણીતો થયો છું.
૩ આપનું મન અતિ પ્રશસ્ત, સરળ અને મહત્ છે.
૪ પરંતુ આપ સઘળા વિષયોનું સમભાવે અવલોકન કરતા નથી.
૫ ઘણાં કાર્યો આપે યોગ્ય તપાસ કર્યાવિના કરેલાં જણાય છે.
૬ મુસલમાનો અતીશય દુરાચારી છે તેમાં સંદેહ નથી.
૭ તેમ તેઓ સઘળાંજ નિંદિત કર્મો કરે છે એમ પણ નથી.
૮ આપ એમ ધારો છો કે આમદેહના રાજાનો પ્રાણનાશ, કિલ્લાપર થયેલો હલ્લો, રાજકન્યાનું હરણ, વિગેરે સઘળાં દુષ્કર્મો નબાબના ભત્રિજાએ કરેલાં છે.
૯ પરંતુ નબાબ એ સઘળી વાતોનો ઇનકાર કરે છે, અને આપના કોઇ કોઇ કારભારી ઉપર દોષારોપ મુકે છે.
૧૦ તેનાં ખરા ખોટાની પરીક્ષા કરવી જરૂરનું છે.
૧૧ મારા અનુચરની પાસે એક મર્કટ છે.
૧૨ ઘણાં માણુસો ભેગાં મળ્યાં હોય તેમાંથી પણ આ મર્કટ દોષી માણુસને પકડી કાઢે છે.
૧૩ મારી ઈચ્છા એ છે કે આપના અને નબાબને મુખ્ય મુખ્ય અધિકારીઓ એકજ ઠેકાણે ભેગા કરી આલોકીક પરીક્ષા કરવી.
૧૪ એથી દોષિત માણુસ નિશ્ચયે પકડાશે.
૧૫ એ સભામાં જૈનુદીન હાજર રહેશે.
૧૬ માટે આપનો અભિપ્રાય ત્વરાથી જણાવશો.
૧૭ ઉત્તરમાં મહારાજે લખાવ્યું કે આપની ઇચ્છા હશે તે દિવસે સભા થઇ શકશે.

१५ राजाचा सर्व परिवार कालिका देवीची पूजा करण्यास नेमानें येत असे.
१६ भैरव नदी, किल्ल्याच्या समोरून वाहत होती.
१७ या नदीचें पात्र फार मोठें होतें.
१८ नदीतीरीं मोठमोठें महाल होते.
१९ तेथें प्रात:काळीं राजा आणि राण्या बसून भैरव नदीची अपूर्व शोभा पाहून मन आनंदीत करीत असत.
२० हल्लींतर हा किल्ला स्मरणगम्य आहे, दृष्टिगम्य नाहीं.
२१ काळाची सत्ता अगाध ! !

वल्लभाचें पत्र.

१ मी आपल्याला युद्धांत पराभूत करून या देशांतून काढून देण्यास आलों आहे.
२ येथें आल्यानंतर आपल्या सर्व विषयांशीं मी माहीतगार झालों आहे.
३ आपलें मन अति प्रशस्त, सरळ व महन् आहे.
४ परंतु आपण सगळ्या विषयाचें समभावानें अवलोकन करीत नाहीं.
५ पुष्कळ कार्यें आपण योग्य तपास केल्याशिवाय केलेलीं कळलीं आहेत.
६ मुसलमान अतिशय दुराचारी आहेत, त्यांत संदेह नाहीं.
७ त्याचप्रमाणें ते सर्वच निंदित कर्म करितात, असेंही नाहीं.
८ आपण असें मानितां कीं, आमदेहाच्या राजाचा प्राणनाश, किल्ल्यावर झालेला हल्ला, राजकन्येचें हरण वगैरे सगळीं दुष्कर्में नबाबाच्या पुतण्यानें केलीं आहेत.
९ परंतु नबाब या सर्व गोष्टी नाकबूल करतो, व आपल्या कोणा कोणा कारभाऱ्या-वर दोषारोप करतो.
१० त्याच्या खऱ्या खोट्याची परीक्षा करणें जरूरीचें आहे.
११ माझ्या अनुचराजवळ एक मर्कट आहे.
१२ पुष्कळ माणसें एकत्र जमलीं असतां, त्यांतूनही हें मर्कट दोषी माणसास पकडून काढतें.
१३ माझी इच्छा ही आहे कीं, आपले व नबाबाचे मुख्य मख्य अधिकारी एकच ठिकाणीं जमा करून ही अलौकिक परीक्षा करावी.
१४ यामुळें दोषी माणूस निश्चयानें पकडला जाईल.
१५ या सभेंत जैनुद्दीन हजर राहील.
१६ करितां आपला अभिप्राय त्वरेनें कळवावा.
१७ उत्तरीं महाराजानें लिहविलें कीं, आपली इच्छा असेल त्या दिवशीं सभा होऊं शकेल

આલમગીર.

૧ આલમગીર બાદશાહ એટલો બધો ખુની છે, એટલો આપમતલબી છે, એટલો દાંભિક છે, અને એટલો અસ્થિર મનનો છે, એવી કલ્પના પણ કેટલાએક દિવસ પહેલાં કોઇને ન હતી.
૨ પરંતુ હમણાં દર કલાકે જે અનુભવમાં આવે છે તેથી દરેકની ખાત્રી થઇ છે કે, તે અત્યંત નીચ માણસ છે.
૩ પરમ દહાડે સવારે પૃથ્વી-સિંહની મુલાકાત લીધી, ત્યારે તેણે તેના પિતાના સમાચાર પૂછયા.
૪ બાદશાહે "તે રાજ્યનો આધારસ્તંભ છે," એવું કહી દેખાડયું અને તું તારા પિતાની પેઠે વર્તજે. બીજા રજપુતોની મસલત પ્રમાણે વર્તીશ નહી, એવો ઉપદેશ તેને કર્યો હતો.
૫ બપોરે ભરાવાની દરબારમાં તને માન આપવાનું છે એવું પણ તેને કહ્યું, પરંતુ બપોરે કેવો ભયંકર બનાવ.
૬ બધા દરબારમાં આજે તેને કેવું માન મળે છે તે જોવાના મતલબથી, દરબારમાં જવાની તૈયારી કરવા લાગ્યા.
૭ દરબારમાં જેને આવવાનું માન હતું એવા બધા તે દહાડે દરબારમાં આવ્યા વિના રહ્યા ન હતા.
૮ પૃથ્વી-સિંહને બાદશાહે પોતાની જમણી બાજુપર બેસાડયો અને તેની સાથે ઘણુાજ પ્રેમથી વાતચીત કરીને પોશાક આપ્યો.
૯ તેથી તેના શરીરપર આટલો દાહ થયો કે મશાલથી શરીર દાઝયું હોય તેવું જણાયું ને થોડીજ વારમાં તે બિચારાનો જીવ ગયો.

જંગલ.

૧ આબૂના પહાડ ઉપર આર્યાવર્તમાંની દરેક જાતની વનસ્પતિ ઉગે છે.
૨ અમુક ઝાડ ત્યાં નથી એવું ખાત્રીથી કહી શકાતું નથી.
૩ કેરી, જાંબુ, જામફળ વગેરે ઝાડની મોટી ઘટા છે.
૪ શિરીષ અને ધાવ એ ઝાડનાં તો જંગલનાં જંગલજ છે.
૫ ત્યાં વડ, પિંપળો, ગુલેર, સાંગ અને ખજુરના ઝાડનો ઘણો ફેલાવો છે.
૬ કેટલાક વડોએ વડવાઇઓ એટલી વિસ્તારી દીધી છે કે, મૂળ ઝાડ કયાં ઉગ્યું હશે તે સમજવું મુશ્કેલ થઇ પડે છે.
૭ કેટલાએક ભાગમાં વાસનાં ઝુંડેઝુંડ પસરેલાં છે, જેની ગણતરી કરી શકાય નહી, એવું ભવ્ય જંગલ ત્યાં છે.

आलमगीर.

१ आलमगीर बादशाह इतका खुनी, इतका आपमतलबी, इतका दांभिक; आणि इतका अस्थिरमनाचा आहे; अशी कल्पनाही कित्येक दिवसांपूर्वी कोणास नव्हती.

२ परंतु हल्लीं घटकोघटकीं जें अनुभवास येतें त्यामुळें दरेकाची खात्री झाली आहे कीं, तो अत्यंत नीच माणूस आहे.

३ परवाचे दिवशीं सकाळीं पृथ्वीसिंहाची भेट घेतली; तेव्हां त्यानें आपल्या बापाचा समाचार विचारिला.

४ बादशाहानें " तो राज्याचा आधारस्तंभ आहे " असें बोलून दाखविलें; आणि तूं माझ्या बापाप्रमाणें वाग, इतर रजपूतांच्या मसलतीप्रमाणें वागूं नको, असा उपदेश केला होता.

५ दुपारीं भरणाऱ्या दरबारांत तुला मान द्यावयाचा आहे, असेंही त्याला सांगितलें; परंतु दुपारीं किती भयंकर प्रकार ?

६ सर्वजण, दरबारांत आज त्याला कोणता मान मिळेल, तें पाहण्याच्या हेतूनें, दरबारांत जाण्याची तयारी करूं लागले.

७ दरबारांत येण्याचा ज्यांना मान होता ते सर्वजण त्या दिवशीं दरबारांत आल्याशिवाय राहिले नव्हते.

८ पृथ्वीसिंहास बादशहानें आपल्या उजव्या बाजूस बसविलें; आणि त्याच्याशीं फारच प्रेमानें गोष्टी करून पोषाक दिला.

९ त्यायोगें त्याच्या शरीराचा इतका दाह झाला कीं, मशालींनीं शरीर भाजल्याप्रमाणें वाटलें व थोड्याच वेळांत त्या बिचाऱ्याचा जीव गेला.

जंगल.

१ आबूच्या पर्वतावर आर्यावर्तांतील दरेक जातीची वनस्पति उगवते.

२ अमुक झाड तेथें नाहीं, असें खात्रीनें सांगवत नाहीं.

३ आंबा, जांबूळ, पेरू वगैरे झाडांची मोठी गर्दी आहे.

४ शिरीष आणि धाव या झाडांचीं तर जंगलेंचीं जंगलें आहेत.

५ तेथें वड, पिंपळ, उंबर, साग, व खजूरीच्या झाडांचा मोठा फैलाव आहे.

६ कित्येक वडाच्या पारंब्या तर इतक्या पसरल्या आहेत कीं, मूळ झाड कोठें उगवलें असेल तें समजणें कठीण पडतें.

७ कित्येक भागांत टोंकरांच्या झुंडीच्या झुंडी पसरल्या आहेत; ज्यांची गणती करतां येणार नाहीं, एवढें भव्य जंगल तेथें आहे.

૮ દેવદાર તથા સુગંધવાળા ઝાડનો કાંઇ થાંગ લાગતો નથી.
૯ પારિજાતક, ગુલાબ, જાઇ, જુઈ, મોગરો, ચંપો ઈત્યાદીની કેટલી રેલમરેલ છે એ કલ્પનામાં પણ આવી શકતું નથી.
૧૦ સસલા, હરણ, સાંબર ઇત્યાદી જનાવરો તો આજ સુધી છે.
૧૧ કેટલીક જાતના સાપો છે; પક્ષીની સંખ્યાની તો હદજ નથી.
૧૨ કેટલાંક પક્ષીઓ એવાં છે કે તે ફક્ત આબુ ઉપરજ જોવામાં આવે છે, પણ બીજે કયાંઇ પણ જોવામાં આવતાં નથી.
૧૩ એવાં આ અરણ્યમાં અચળેશ્વર મહાદેવજીનું દેવળ છે.
૧૪ એ દેવળ આજે જે સ્થિતીમાં જોવામાં આવે છે, તેના કરતાં અમારી વખતે ઘણી જુદી સ્થિતીમાં હતું; અને બંધાયું ત્યારે જે સ્થિતિ હશે તે અમારા કાળમાં ન હતી.

સંપ.

૧ મનમાં આવેલો વિચાર જો ખરેખર યોગીરાજને પસંદ પડે ને વળી તે અમને આશિર્વાદ આપે તો ફતેહ થવાની શંકા નથી.
૨ રજપૂતોની પહેલી સ્થિતિ શી? વળી પોતપોતામાં તડાં કરીને મુસલમાનોને ઘુસાડયા તેથી હમણા શી સ્થિતી થઇ છે?
૩ અકબર બાદશાહનાં મિઠાં મિઠાં માનમાં ભુલીને જાત વટાળી.
૪ આપણી છોકરીઓ મુસમાનોમાં જનાનખાનામાં આપી.
૫ જેણે મહારાજ થવાનું તેવાઓએ તેના હાથ નીચે નોકરી લીધી;
૬ કારણ એક સંપ નથી.
૭ અદેખાઇથી બીજાને દ્રેષ થાય છે.
૮ જેનો દ્રેષ કરવો જાઇએ તેનો કરતા નથી અને તેની આગળ માથું નમાવે છે ને હાંજી હાંજી કરે છે.
૯ કોઇને કાંઇ અપમાન થયું તો મુંગે મોઢે સ્વીકારે છે.
૧૦ તેઓમાં જો સંપ થયો તો ચંડાળ ઓરંગઝેબને પૂરો કરવામાં કેટલો વખત લાગવાનો છે, તેની બિશાદ શી?
૧૧ વિજયસિંહના જેવા જો બધા કટ્ટા દુશ્મન થાય તો પછી શું બાકી રહે?
૧૨ ઓરંગઝેબની બરાબર ખાત્રી કરી મુકી હોત કે રજપૂતો કાંઇ હસી કાઢવા જેવા નથી.
૧૩ પણ આજ તેનો શું ઉપયોગ?
૧૪ આજે એકનું મોં પૂર્વમાં તો બીજાનું પશ્ચિમમાં એવી સ્થિતી છે.
૧૫ આવી સ્થિતીમાં આપણા હાથથી બને તેટલુંજ કરવાનું; બીજું શું? શિવ! શિવ! શિવ!

८ देवदार व सुगंधी झाडांचा कांहीं थांग लागत नाहीं.
९ पारिजातक, गुलाब, जाई, जुई, मोगरा, चांफा इत्यादींची किती गर्दी आहे, त्याची कल्पना पण करतां येत नाहीं.
१० ससे, हरण, सांबर इत्यादि जनावरें तर आजही आहेत.
११ कित्येक जातीचे साप आहेत; व पक्ष्यांच्या संख्येला तर हद्दच नाहीं.
१२ कित्येक पक्षी असे आहेत कीं, ते फक्त आबूवरच दिसण्यांत येतात; पण दुसरे कोठेंही पहाण्यांत येत नाहींत.
१३ अशा ह्या अरण्यामध्यें अचलेश्वर महादेवाचें देऊळ आहे.
१४ हें देऊळ हल्लीं ज्या स्थितींत पहाण्यांत येतें त्यापेक्षां आमच्या वेळीं तें फार निराळ्या स्थितींत होतें; व बांधलें गेलें त्या वेळीं जी स्थिति होती, ती आमच्या काळीं नव्हती.

एकी.

१ मनांत आलेला विचार जर खरोखर योगीराजाला पसंत पडेल व ते आह्मांला आर्शीर्वाद देतील तर फत्ते होण्याची शंका नको.
२ रजपूतांची पहिली स्थिती काय ? व आपसांत लढे करून मुसलमानांस आंत घातले त्यामुळें हल्लीं कशी स्थिती झाली आहे ?
३ अकबर बादशहाच्या गोड गोड सन्मानाला भुलून जात विटाळली.
४ आपल्या मुली मुसलमानांच्या जनानखान्यांत दिल्या.
५ ज्यांनीं महाराज व्हावयाचें त्यांनीं त्याचे हाताखालीं नोकरी धरिली.
६ कारण एक संप नाहीं.
७ मत्सरामुळें इतरांचा द्वेष होतो.
८ ज्याचा द्वेष केला पाहिजे त्याचा करीत नाहींत. त्याचेपुढें मान वांकवून हांजी हांजी करितात.
९ कोणाचा कांहीं अपमान झाल्यास, मुक्या तोंडानें (गुपचीप) सोसतात.
१० त्यांच्यांत जर संप झाला तर चांडाळ औरंगझेबास पुरा करण्यास किती वेळ लागावयाचा आहे, त्याची बिशाद काय ?
११ विजयसिंहाप्रमाणें जर सर्व कट्टे दुस्मान झाले, तर मग बाकी काय राहिलें ?
१२ औरंगझेबाची बरोबर खात्री कारितां आली असती कीं, रजपूत ह्मणजे कांहीं हसण्यावारी नेण्यासारखे नाहींत.
१३ पण आज त्याचा काय उपयोग ?
१४ आज एकाचें तोंड पूर्वेस तर दुसऱ्याचें पश्चिमेस, अशी स्थिती आहे.
१५ अशा स्थितींत् आपल्या हातून होईल तितकेंच करावयाचें, दुसरें काय ? शिव, शिव, शिव ! ! !

ચંદ્રાવતી.

૧ રાણી ચંદ્રાવતી મેવાડના રાજવંશમાં જન્મી હતી.

૨ રાણો જસવંત રણમાંથી નાહસી ગયો, આ વાતથી રાણીને એટલો બધો ગુસ્સો ઉત્પન્ન થયો કે તેણે શહેરની આસપાસ પહેરો રાખવાનો બંદોબસ્ત કરી બધા દરવાજા બંધ કરાવ્યા.

૩ રજપૂતોને માથે કાળી ટીલી લાગવા જેવું કામ કર્યું છે તેથી પોતાના વરને જોધપુરમાં આવવા દેવો નહી એવો તેણે નિશ્ચય કર્યો હતો.

૪ રાજા જસવંતસિંહ પોતાના માણસોની સાથે આસ્તે આસ્તે પાછો આવ્યો તથા શહેરમાં પેસવાનો રસ્તો જોવા લાગ્યો.

૫ હું માલેક હોવા છતાં આજે મને શહેરમાં પગલું મૂકવાની પણ મનાઇ થઇ છે તેનો અર્થ શો ? તે તેને સમજાયું નહીં.

૬ એક સરદારે રાણીને વિનંતી કરી કે આપના પતિ જસવંતસિંહજી આવેલા છે તેને અંદર લેવા માટે પહેરેગારોને હુકુમ આપો.

૭ રાણીએ જવાબ આપ્યો કે "મેવાડના રાજ્યમાંના વીર જનનીના પુત્ર લઢાઇમાં લઢીને જય પામશે; પરાજય પામવાથી નીચે માથું ઘાલીને ત્યાંથી કદી નાશી આવનાર નથી."

૮ તમારા જેવા નિર્લજ લોક રજપૂત નામને કલંક લગાડે છે.

૯ મારા પતીના જોડે તમે લડાઈમાં શામાટે પડયા નહી ? તમારાં કાળાં મોં લઈને શામાટે આવ્યા ? આવેલા રસ્તે પાછા જાવો.

૧૦ ખુદ રાણાએ ઘણાં કાલાવાલા કીધા પણ તે દ્રઢ નિશ્ચયની રજપૂતાણીએ તેને શહેરમાં દાખલ થવા દીધો નહી.

ઇંદિરા.

૧ સવારે ઠરાવેલા સમયે ઇંદિરા ગોવાલણના મકાનપર ગઇ.

૨ ત્યાં તેનો પોશાક પહેર્યો તથા ટોપલો વગેરે માથે લઇને હળવે હળવે ચંદ્રાવતી રાણીજીના મેહલની પાસે આવી.

૩ દુધવાળી જણાતી હતી તેથી કોઇને પણ શંકા આવી નહિ.

૪ અંદર ગયા પછી થોડા અરસામાં તે ગોવાલણ બહાર આવી અને કંઇપણ હરકત વગર નિરાંતે બહાર ચાલી ગઇ

૫ જે ધાર્યું હતું તે પુરું થયું એવું મનમાં આવવાથી તે સંતુષ્ટ થઇ.

चंद्रावती.

१ राणी चंद्रावती मेवाडच्या राजवंशांत जन्मली होती.

२ राणा जसवंतसिंह रणांतून पळून गेला, या गोष्टीनें राणीला इतका राग उत्पन्न झाला कीं, तिनें शहराच्या आसपास पहारा ठेवण्याचा बंदोबस्त करून सर्व दरवाजे बंद करविले.

३ रजपूतांचे माथीं काळा डाग लागण्यासारखें काम केलें आहे, तरी आपल्या नवऱ्याला जोधपूरांत येऊं देऊं नये, असा तिनें निश्चय केला.

४ राजा जसवंतसिंह आपल्या माणसांसह हळूंहळूं परत आला व शहरांत शिरण्याचा रस्ता पाहूं लागला.

५ मी मालक असतां आज मला शहरांत पाऊल टाकण्याचीही मनाई झाली आहे, याचा अर्थ काय ? तें त्याला समजलें नाहीं.

६ एका सरदारानें राणीस विनंती केली कीं, आपले पति जसवंतसिंहजी आले आहेत, त्यांना आंत घेण्यासाठीं पहारेकऱ्यास हुकूम द्या.

७ राणीनें जबाब दिला कीं " मेवाडच्या राज्यांतील वीरजननीचा पुत्र लढाईमध्यें लढून जय मिळवील। पराजय झाल्यास खालीं तोंड घालून तेथून कधीं पळून येणार नाहीं. "

८ तुमच्यासारखे निर्लज्ज लोक रजपूतनांवाला कलंक लावतात.

९ माझ्या पतीबरोबर तुम्ही लढाईत कां पडलां नाहींत; तुमचीं काळीं तोंडं घेऊन कशाला आलांत ? आल्या रस्त्यानें परत जा."

१० खुद्द राण्यानें पुष्कळ विनवणी केली; पण त्या दृढनिश्चयी रजपुताणीनें त्याला शहरांत दाखल होऊं दिलें नाहीं.

इंदिरा.

१ सकाळीं ठरलेल्या वेळेस इंदिरा गवळणीच्या घरीं गेली.

२ तेथें तिचा पोषाक घातला व टोपली वगैरे डोक्यावर घेऊन हळूं हळूं चंद्रावती राणीजीच्या महालाजवळ गेली.

३ दूधवाली वाटत होती, म्हणून कोणालाही शंका आली नाहीं.

४ आंत गेल्यावर थोड्या वेळांत ती गवळण बाहेर आली, व कांहीं एक हरकतीशिवाय निश्चिंतपणें बाहेर निघून गेली.

५ जें इच्छिलें होतें तें पुरें झालें, असें मनांत आल्यानें ती संतुष्ट झाली.

૬ પણ તેના રૂપ ઉપર મોહિત થઇ બે પહેરેદાર ઠઠ્ઠા મશ્કરી કરતા કરતા તેની પછવાડે પડયા, તે જોતાજ ઇંદિરાનું મોં સુકાઇ ગયું.
૭ "હું એકલી હોત તો કંઈ હરકત ન હોતી પરંતુ માથાપરના ટોપલામાં જોધપુરનો ભવિષ્યનો રાજા બાળક અજીતસિંહ છે.
૮ જો પેલા પાજીયો કાંઇ ઉદ્ધતાઇ કરવાનું મનમાં લાવીને મને પકડે તો બધું કારસ્થાન જાહેર થઈ જાય.
૯ તથાપિ ધીરજ શિવાય આરો નથી.
૧૦ તેણે પછવાડે ફરીને એક કટાક્ષ ફેંકયો, તેથી એકે કહ્યું કે મારી તરફ અને બીજો કહે કે મારી તરફ.
૧૧ એમ કહી બન્ને તકરારમાં ઉતર્યા તેટલામાં ગોવાલણ જતી રહી.
૧૨ ઇંદિરાએ છોકરાને ખરી ગોવાલણને સ્વાધીન કર્યો; અને પોતે પાછી બીજેજ રસ્તે રાણીજીના મકાનપર તેને નસાડવા માટે ગઇ.
૧૩ પુહેરેદારો આપસમાં લડીને જખમી થઇ પડયા હતા, તેનો લાભ લઇ ઇંદિરાના પોશાકમાં રાણી ચંદ્રાવતી પણ નાઠાં.

નિરાશા.

૧ "ચંદ્રાવતી રાણીજી અહીંથી કયારનાં જતાં રહ્યાં છે."
૨ એટલુંજ સાંભળતાંજ નયનપાળને એટલો તો ગુસ્સો આવ્યો, કે દુર્ગાદાસને ઝાડપર ટાંગીને ફાંસી દેવાનો તેણે વિચાર કર્યો.
૩ આ નીચ માણુસની યુક્તિથી પોતાનો ભવિષ્યની ધુળધાણી થઇ તેથી તેના ગળાપર હાથ ચાંપીને જીવ લઉં કે શું કરૂ ? એમ થયું.
૪ રાણીજીને દીલ્લી લઇ જવાનું કામ બરાબર થયું હોત, તો મારો બાદશાહની દરબારમાં કેટલો મરતબો વધ્યો હોત ?
૫ જોધપુરની ગાદી ઉપર હું કારનોએ બેઠો હોત પણ હવે શું ?
૬ ઘણાં વાદળાં થઇ ગયાં પછી હવે વરસાદ થશે, એવું જાણીને આતુર થયેલો ખેડુત તે વાદળાં તરફ જુવે ન જુવે એટલામાં એકદમ વા વાઇને વાદળાં વિખરાઇ જાય છે ને તેથી જેમ ખેડુત ઘણો ઉદાસીન થાય છે, તેવી આબેહુબ સ્થિતિ મનોરાજ્યમાં આળોટતા નયનપાળની થઇ.
૭ તેનો ગુસ્સો ઘણો વધ્યો "જો હું ખરો નયનપાળ હોઉં, તો તારી આંખની સામે પકડીને ચંદ્રાવતીને લઇ જઇશ."

६ पण तिच्या रूपावर मोहित होऊन, दोन पहारेकरी थट्टामस्करी करीत करीत तिच्या मागें लागले; तें पाहतांच इंदिरेचें तोंड सुकलें.

७ " मी एकटी असत्यें तर कांहीं हरकत नव्हती; परंतु डोक्यावरील टोपल्यांत जोधपुरचा भावी राजा बाळक अजीतसिंह आहे.

८ जर त्या पाजीनीं कांहीं उद्धताई करण्याचे मनांत आणून मला पकडलें; तर सर्व कारस्थान बाहेर फुटेल.

९ तथापि धीराशिवाय दुसरा उपाय नाहीं.

१० तिनें मागें फिरून एक नयनबाण मारिला, त्यामुळें एक म्हणे मजकडे व दुसरा म्हणे मजकडे.

११ असें म्हणून दोघे तक्रारींत पडले, इतक्यांत गवळण निघून गेली.

१२ इंदिरेनें मुलाला खऱ्या गौळणीच्या स्वाधीन केलें व स्वतः दुसऱ्याच रस्त्यानें राणीच्या महालीं तिला पळविण्याकरितां गेली.

१३ पहारेकरी आपसांत लढून जखमी होऊन पडले होते, त्याचा लाभ घेऊन इंदिरेच्या पोषाकांत राणी चंद्रावतीही पळून गेली.

निराशा.

१ " चंद्रावती राणीजी येथून केव्हांच्या निघून गेल्या आहेत."

२ एवढें ऐकतांच नयनपाळाला इतका राग आला कीं, दुर्गादासाला झाडांवर टांगून फांशीं देण्याचा त्यानें विचार केला.

३ या नीच मनुष्याच्या चुकीमुळें आपल्या भविष्याची धूळधाणी झाली, म्हणून त्याच्या गळ्यावर हात चेंपून जीव घेऊं, कीं काय करूं ? असें झालें.

४ राणीला दिल्लीस नेण्याचें काम बरोबर झालें असतें, तर बादशहाच्या दरबारांत माझा मान किती वाढला असता ?

५ जोधपुरच्या गादीवर मी केव्हांच बसलों असतों, पण आतां काय ?

६ फार अभ्रें जमल्यानंतर आतां पर्जन्य येईल, असें समजून, आतुर झालेला शेतकरी त्या अभ्रांकडे पाहतो न पाहतो, तोंच एकदम वारा येऊन अभ्रें वितळून जातात, आणि त्यामुळें शेतकरी जसा फार उदासीन होतो, तशी हुबेहुब स्थिति मनोराज्यांत लोळणाऱ्या नयनपाळाची झाली.

७ त्याचा क्रोध फार वाढला. जर मी खरा नयनपाळ असेन तर तुझ्या डोळ्यांसमोर चंद्रावतीला पकडून घेऊन जाईन.

૮ જે રાજ્યને માટે તું આટલી ખટપટ કરે છે, તે લઇને હું ગાદીએ બેસીશ અને ચંદ્રાવતી રાણી કરીને, તને ત્રણવાર ગામમાં ઉંધે ગધેડે બેસાડીને ફેરવીશ, ને પછી ફાસી દઇશ.

૯ "અલ્યા મૂઢ! ચંદ્રાવતીને લઇને તું શું કરનાર? તેને છોકરો નથી, થયેલો તે તો મરી ગયો છે." એમ દુર્ગાદાસને બોલ્યો.

નિર્ભત્સના.

૧ આણી તરફ બાદશાહ ગંભીરપણે ઇંદીરાને પૂછે છે, "તે તારો જીવ આટલાં બધા જોખમમાં શા માટે નાંખ્યો વારૂ?"

૨ ઇંદિરા–સ્વામીભક્તિ અને કૃતજ્ઞતાને માટે; આજ વંશપરંપરા થયાં જેનું અન્ન ખાઇ અમારાં શરીર બંધાયાં છે તેને સંકટમાં જોઇ બચાવ કરવો એ અમારૂં કામજ છે.

૩ બાદશાહ–રાણીને અહીં દરબારમાં આવવું, તે શું તેને માથે સંકટ કહેવાય કે?

૪ ઇંદિરા–સંકટ નહીં તો બીજું શું? તારા જેવો કપટી અને કૃતઘ્ન આ જગતમાં બીજો કોઇ છે કે?

૫ જે જસવંતસિંહે તારી આટલી આટલી નોકરી બજાવી, પોતાના જાતભાઇની નિંદા સહન કરી, તારો પક્ષ લીધો, તેનાજ છોકરાને તે દરબારમાં બોલાવી માન આપવાને મિષે ઝેર દીધું.

૬ અને તેની રાણી તરફની અભિલાષાને લીધે તેને પકડી લાવવા સારૂં આટલું બધું લશ્કર મોકલ્યું.

૭ તો તારો ભરોંસો કોણ કરે?

૮ માટે અમે જે કર્યું છે તેજ અત્યુત્તમ.

૯ અમે શું જાણતાં ન હોતાં કે અહીં આવવાથી શી દશા થવાની છે?

૧૦ બાદશાહ તું પકકું ધ્યાનમાં રાખ કે એક ક્ષણ પણ તારૂં આવું અપમાન રાણીજી સહન કરતજ નહીં.

૧૧ નકલી અને હલકાં કુળની હોય તેજ પોતાના દેહને ભ્રષ્ટ કરી તારા વૈભવનો સ્વીકાર કરે.

८ ज्या राज्याकरितां तूं इतकी सटपट करितोस, तें घेऊंन मी गादीवर बसेन, व चंद्रावतीला राणी करून, तुलां तीनें वेळ गांवांमध्यें गाढवावर उलटें बसवून फिरवीन व मंग फांशीं देईन.

९ " अरे मूढा, चंद्रावंतीला घेऊन तूं काय करणार ! तिला मुलगा नाहीं. झालेला तो तर मरून गेला " याप्रमाणें दुर्गादासास बोलला.

निर्भत्सना.

१ इकडे बादशहा गंभीरपणें इंदिरेला विचारितो, " तूं आपला जीव इतक्या जोखमेंत कशाकरितां टाकलास बरें ! "

२ इंदिरा—स्वामीभक्ति व कृतज्ञतेसाठीं. आज वंशपरंपरा ज्याचें अन्न खाऊन आमचीं शरीरें पोसलीं आहेत, त्याला संकटांत पाहून त्याचा बचाव करणें हें आमचें कर्तव्यच आहे.

३ बादशाह—राणीनें येथें दरबारांत यावें, हें तिच्या शिरीं संकट ह्मणवेल काय !

४ इंदिरा–संकट नाहीं तर काय ? तुझ्यासारखा कपटी व कृतघ्न या जगांत दुसरा कोणी आहे काय !

५ ज्या जसवंतासिंहानें तुझी इतकी नोकरी बजाविली, आपल्या जातभाईची पण निंदा सहन केली, तुझा पक्ष घेतला, त्याच्याच मुलाला तूं दरबारांत बोलावून मान देण्याच्या मिषानें विष दिलें.

६ व त्याच्या राणींची अभिलाषा धरून तिला पकडून आणण्याकरितां इतकें लष्कर पाठविलें !

७ तर तुझा भरंवसा कोण करील !

८ म्हणून आम्हीं जें केलें आहे तेंच अत्युत्तम.

९ आम्हांला काय समजत नव्हतें कीं, येथें आल्यावर काय दशा व्हावयाची ?

१० बादशहा, तूं पक्कें ध्यानांत ठेव कीं, एक क्षण सुद्धां तुझा असा अपमान राणीनें सहन केला नसता.

११ नकली आणि हलक्या कुळांतील असेल, तीच आपला देह भ्रष्ट करून तुझ्या वैभवाचा स्वीकार करील.

પ્રવાસી.

૧ ચર્યા ઉપરથી એમ સહેજ જણાઇ આવે કે, તે ઘણે દૂરથી પ્રવાસ કરતો કરતો આવેલો છે.

૨ ઘણી મુસાફરી કરવાથી માણસનાં કપડાં જેમ મેલાં થઇ જાય છે તેમ આની સ્થિતિ જણાતી હતી.

૩ તમામ કપડાં ઉપર ધુગનો તો પારજ ન હોતો.

૪ એટલુંજ નહીં પણ તેની પાંપણો, મૂછ દાઢી તથા પાઘડી ધુળથી ભરેલાંજ જણાતાં હતાં.

૫ તેની પોટલીમાંથી એટલી બધી ધૂળ ખરી કે તેની દાઢી, મૂછ ઉપર આવી જવાથી તેઓ ધુળવાળાં થયાં.

૬ તે એટલો બધો થાકી ગયો હશે કે તેનાથી હવે એકપણ ડગલું આગળ ચાલી શકશે નહી.

૭ અજાણ્યાની પેઠે આમ તેમ રસ્તો ભૂલી ફાંફાં મારતો ન હોતો.

૮ ચોકસ જાણીતા માણસની પેઠે જે જે ગલીમાં ફરવું પડે ત્યાં ફરતો જતો હતો.

૯ તેના ચહેરા ઉપર કાળજી જણાતી હતી.

૧૦ આમ છતાં પણ તે ધીમે ધીમેજ ચાલતો હતો.

૧૧ રજપૂત રીવાજ પ્રમાણે તેણે પગસુધી પહોંચે તેવું ઘેરદાર અંગરખું પહેર્યું હતું; અને તે ઉપર કમરપટો બાંધી ઉપરથી ધોતિઆની ભેટ બાંધી હતી.

૧૨ માથા ઉપર જોધપુરી તરેહની પાઘડી હતી, તથા હાથમાં મોટી લાકડી હતી.

૧૩ ખભા ઉપર દોરી, લોટો, અને એક નાની પોટલી લઇ તે ચાલ્યો જતો હતો.

૧૪ આડે અવળે ઘણે રસ્તે ફર્યા પછી એક પડી ગયેલા ઘર આગળ આવીને ઉભો રહ્યો ને બુમ ન મારતાં બારણું ઠોક્યું.

ભવિષ્ય.

૧ એક ધૂળપાટી મંગાવી તેના ઉપર કાંઇક આંકડાંનું કોષ્ટક કાઢ્યું.

૨ મનમાં પ્રશ્ન ધારીને, તેના ગમે તે આંકડા ઉપર બેગમને આંગળી મૂકવા સુચવ્યું.

૩ છોટુસિંહ જોશીએ તે ઉપરથી કાંઇક ગણત્રી કરી પ્રશ્નનો ઉત્તર કહેવા માંડયો.

૪ હમણા તમારી પાસે કોઇ પારકું માણસ છે.

૫ તેને કાંઈ પણ ઇજા ન કરતાં કોઇક ઠેકાણે ખસડી મુકવું, નહિ તો એથી કરી આપને ભારે ઉદ્વેગ થશે.

प्रवासी.

१ चर्येवरून असें सहज दिसून येत होतें कीं, तो फार लांबून प्रवास करीत करीत आलेला आहे.

२ फार प्रवास केल्यानें माणसाचे कपडे जसे मळके होतात तशी त्याची स्थिति दिसत होती.

३ सर्व कपड्यावर धुळीचा तर पारच नव्हता.

४ इतकेंच नव्हे, तर त्याच्या पापण्या, मिशा, दाढी व पगडी हीं धुळीनें भरलेलीं दिसत होतीं.

५ त्याच्या गाठोड्यांतून इतकी धूळ पडली कीं, ती दाढी मिशांवर उडाल्यानें त्या धुरकट झाल्या.

६ तो इतका थकून गेला होता कीं, त्याच्यानें आतां एक पाऊलही पुढें चालवणार नाहीं.

७ तो अजाणत्याप्रमाणें इकडे तिकडे रस्ता चुकून फां फां मारीत नव्हता.

८ चौकस जाणत्या मनुष्याप्रमाणें ज्या ज्या गल्लींत फिरावें लागे तेथें तेथें फिरत जात होता.

९ त्याच्या चेहऱ्यावर काळजी दिसत होती.

१० असें असूनही तो धीरे धीमेच चालत होता.

११ रजपूत रिवाजाप्रमाणें त्यानें पायांपर्यंत पोंहचेलसा घेरदार आगरखा घातला होता; व त्यावर कमरपट्टा बांधून वरतून धोतराची गांठ बांधिली होती.

१२ डोक्यावर जोधपुरी तऱ्हेची पगडी होती व हातांत मोठी काठी होती.

१३ खांद्यावर दोरी, लोटा, व एक लहान गाठोडें घेऊन तो चालला होता.

१४ वांकड्या तिकड्या पुष्कळ रस्त्यानें फिरल्यावर एका पडक्या घराजवळ येऊन उभा राहिला व हांक न मारितां दार ठोठाविलें.

भविष्य.

१ एक धूळपाटी मागविली व तीवर कांहीं आंकड्यांचें कोष्टक काढलें.

२ मनांत प्रश्न धरून त्यांतील वाटेल त्या आंकड्यांवर बेगमला बोट ठेवण्यास सांगितलें.

३ छोटुसिंह जोशानें त्यावरून कांहीं गणित करून तो प्रश्नाचें उत्तर देऊं लागला.

४ हल्लीं तुमच्याजवळ कोणी परकें माणूस आहे.

५ त्याला कांहींही इजा न करितां एकादे ठिकाणीं पाठवून द्या, नाहीं तर त्यापासून आपणास फार उद्वेग होईल.

૬ આ માણસના ગ્રહ એવા છે કે, જો તે તમારી આજુ બાજુ પાંચ ગાઉમાં પણ હશે, તો તમને અને બાદશાહને મોટો અનર્થ થશે.

૭ આ માણસ આપની પાસે આઠ દસ દિવસથીજ આવ્યું હોવું જોઇએ; ત્યારથી આપના ચિત્તનું સ્વાસ્થ્ય જતું રહ્યું હોવું જોઇએ; વખતે એનાથી ઉંઘ પણ સારી રીતે ન આવે.

૮ મારૂં કહેવું અંશે અંશ ખરૂં હોવુંજ જોઈએ; ન હોય તો ફરી જ્યોતિશ પણ હાથમાં ન ઝાલું.

૯ સ્પષ્ટ કહેવરાવો તો કહું છું કે, આપની સામે ઉભેલી દાસીના ચહેરા ઉપરથીજ મેં ગણત્રી કરી જોઇ હતી.

૧૦ એની ગ્રહદશા એવી છે કે, પોતે તો પીડા પામેજ પણ જે જે લોક એના સંબંધમાં આવે તે પણ બીલકુલ સુખી થઇ શકે નહીં.

૧૧ આ તો પ્રથમથી બાળવિધવાજ છે.

૧૨ જેની જોડે એ લગ્ન થાય તે મૃત્યુના મોંમાં આવીજ પડ્યો જાણજો.

૧૩ માટે આ છોકરીને આપ એક ક્ષણ પણ આપની પાસે રાખશો નહિ.

६ ह्या माणसाचे ग्रह असे आहेत कीं, जर तो तुमच्या आजूबाजूस पांच कोसांतही असेल तर तुम्हाला व बादशहाला मोठा अनर्थ होईल.

७ हें माणूस आपल्याजवळ आठ दहा दिवसांवरच आलें असलें पाहिजे; तेव्हांपासून आपल्या चित्ताचें स्वास्थ्य गेलें असलें पाहिजे; प्रसंगीं यामुळें झोंप पण चांगली येत नसेल.

८ माझें सांगणें अक्षरशः खरें असलेंच पाहिजे, नसेल तर पुन्हां जोतिषच हातांत धरणार नाहीं.

९ स्पष्ट सांगा म्हणाल तर सांगतों कीं, आपल्या समोर उभ्या असलेल्या दासीच्या चेहेऱ्यावरूनच मी गणीत करून पाहिलें होतें.

१० इची ग्रहदशा अशी आहे कीं, स्वतः तर पीडा पावेलच पण ज्या ज्या लोकांचा इच्याशीं संबंध येईल तेही बिलकुल सुखी होऊं शकणार नाहींत.

११ प्रथम ही बालविधवा तर आहेच.

१२ ज्याच्याशीं इचें लग्न होईल, तो मृत्यूच्या तोंडांत येऊन पडलाच समजा.

१३ म्हणून या मुलीला आपण एक क्षणसुद्धां आपळेजवळ ठेवूं नका.

वाचनीय उतारे.

ગાળાગાળી.

ગાળાગાળી (शिवीगाळ) નઠારો (खराब) સારો (चांगला) ફલાણો (अमुक) ઘટે તેવી (योग्य) સજા (शिक्षा) અણસમજુ (अज्ञान) સાર (अर्थ) જેનો સ્વભાવ નઠારો તે ગાળાગાળી કરે છે, અને જેનો સ્વભાવ સારો તે સારા બોલ બોલે છે.

એક રાજકુંવરને કોઈ ગરીબના છોકરાએ ગાળો દીધી, તેથી રાજકુંવરે રડતાં રડતાં જઇને બાપ આગળ ફર્યાદ કરી. રાજાએ તે સાંભળીને પોતાની કચેરીમાં સર્વેને પૂછ્યું કે ફલાણા છોકરાએ મારા કુંવરને ગાળો દીધી, માટે એને શું કરવું? ત્યારે કોઇએ કહ્યું, એને ગામ બહાર કાઢી મૂકવો. કોઇ કહે એને બંદીખાને નાખવો. કોઇ કહે દંડ લેવો. એમ સૌ જુદી જુદી રીતે બોલ્યા. પછી રાજાએ પોતાના કુંવરને કહ્યું કે તને જેણે ગાળો દીધી તેને ઘટે તેવી શિક્ષા કરવી મારા હાથમાં છે. પણ તું તે છોકરાને માફ કરે તો બહુ સારૂં. કેમકે સજા કરવી તે કરતાં માફ કરવામાં વડાઇ છે. તે ઉપરથી બાપનું વચન રાખીને કુંવરે પેલા છોકરાને માફ કર્યું, ને કહ્યું જે આ વેળા હું તને જવા દઉં છું; કેમકે તું નાનો ને અણસમજું છે, પણ યાદ રાખજે કે કોઇને ગાળ દીધામાં સાર નથી.

જે બાળક કે બાળકી બોલે જેવા બોલ
નક્કી થશે નર નારમાં તેનો તેવો તોલ.

સંઘરો.

સંઘરો (संग्रह) કીડીઓ (मुंग्या) પોપડો (पोपडा) ઉખેડીને (उकरून) દર (वारूळ) અચરજ (आश्चर्य) ડહાપણ (शहाणपणा) ખાણુ (पेव) તેવામાં (तितक्यांत) દુબળા (कृश).

દુકાળના દહાડામાં એક રાજાનાં ઘોડાં ચંદીવીના ભૂખે મરવા લાગ્યા અને રૈયત પણ હેરાન થવા લાગી. રાજા પ્રધાન સાથે એ વાતનો કાંઇ વિચાર કરતો હતો. તેવામાં તેની નજરે કીડીઓ ઘણી જોવામાં આવી ત્યારે પ્રધાનને રાજાએ પૂછ્યું કે આવા વરસમાં કેટલીએક જાતનાં જનાવર ભૂખે મરી જાય છે. કે દુબળાં થઇ જાય છે. અને આ કીડીઓ સુકાળના વરસમાં જેવા જોરથી દોડે છે તેવાજ

જોરથી આ વખતમાં પણ દોડતી દેખાય છે, તેનું શું કારણ હશે ? પછી પ્રધાને કોઠાર પાસે રાજાને લઇ જઇને પાપડા ઉખેડીને કીડીઓનું દર દેખાડ્યું. તેમાં દાણા ભરેલા હતા. તે જોઇને રાજા અચરજ પામ્યો, અને બોલ્યો કે આ કીડીઓના જેટલું આપણામાં ડહાપણ નથી, નહીં તો સુકાળના વરસમાં ઘાસની ગંજીઓ અને દાણાની ખાણો કરી રાખી હોત તો આપણી રૈયત અને આપણે આજ આટલા હેરાન થાત નહી.

ધન.

ખેતી (शेती) મળીને (जमून) આળસુ (आळशी) ડોસો (म्हातारा) તનદઇને (झटून) ખેતરમાં (शेतांत) દાટેલું (पुरलेलें) કેડે (नंतर) ઉંડું (खोल) વાવ્યા (पेरलें) નીપજ (उत्पन्न) અમને (आम्हांस)

એક કણબીને ત્રણ છોકરા હતા. તે ખેતીનું કામ તન દઇને કરે નહી એવા હતા. પેલો કણબી મરવા પડયો ત્યારે એના દીકરાએ મળીને પૂછ્યું, બાપા તમારી પૂંજી કે ધન જે કંઇ હોય તે હવે અમને કહો તો સારૂં; કેમકે તમારો અંતકાળ પાસે આવ્યો છે. બાપે વિચાર્યું કે આ છોકરા આળસુ છે, માટે એ તન દઇને મેહનત કરે તો એમને પૈસા મળે. પછી પેલે ડોસે છોકરાને કહ્યું મારૂં સર્વ ધન આપણા ખેતરમાં છે. પેલા છોકરા સમજ્યા કે ખેતરમાં ધન દાટેલું હશે. તે ઉપરથી ડોસો મરી ગયા કેડે તે દાટેલું ધન કાઢવાની લાલચથી આખું ખેતર ઉંડું ખોદી જોયું પણ ધન તો કંઇ નીકળ્યું નહી. પણ એ ભોંય સારી ખોદાઈ તેથી તેમાં દાણા વાવ્યા ત્યારે તેની એટલી તો નીપજ થઈ કે છોકરાને તેનો ઘણો પૈસો ઉપજ્યો. આ ઉપરથી પલા છોકરા સમજ્યા જે, બાપે કહ્યું તે ખરૂં કેમકે ખરેખરૂં ધન જોઇએ તો આ ખેતરમાંજ છે, જો મેહનત કરીએ તો તે પામીએ.

ઘર.

ચણતર (बांधकाम) આગળ (पूर्वी) કરા (भिंती) હાંટડા (फडताळें) ભોંયરૂં (तळघर) વાસણકુસણ (भांडी कुंडीं) ઘરેણાં (दागिने) પરસાળ (परस) મોભ (आढें) વળીઓ (वांसे) વાસ (वांबू) સાટું (सट्टा) મેડો (माडी) છજું (सज्जा) છીંડી (गल्ली) પહોળા (रुंद) નોટિઆં (फळ्या) તોકા (कोनाडे) નકૂચા (कोयंडे) ભો (भय) નિસરણી (शिडी) કોડીઆ (पंत्या)

મારા શેઠનું ઘર બંધાય છે. તે હું કાલે જોવા ગયો હતો. ભોંયમાં પાયો નાખીને તે ઉપર ચણતર ચલાવ્યું છે. મેં આગળ જોયું હતું ત્યારે પછી કરા ને પછીત

તયાર થઇ. ટાંકું કુંવો, પાણીઆરૂં એ પણ થાય છે. હવે ઓરડામાં જાળીઓ મૂકવી રહી છે તે મૂકાશે. અને હાંટડાંમાં જાળીઓ મૂકવી રહી છે તે મૂકાશે અને હાંટડાને બારણાં કરશે. મારા કાકાના ઘેર તો ઓરડાંમાં ભોયરૂં છે. કોઇ વખત ભોં જેવું હોય ત્યારે તેમાં વાસણકુસણ, ઘરેણાં સર્વે ભરે છે. શેઠના ઘરનાં પરસાળ ને ઓસરી એ બેઉ મોટાં છે. હવે વરસાદના દહાડા આવ્યા તેથી ઝટપટ છાપરૂં ચાળી લેશે. મોભ, વળીઓ, વાંસ, કાથો એ સર્વે આણી મુક્યા છે. નળીઆનું સાટું કુંભાર જોડે આગળથી કરી રાખ્યું છે. ટાંકાની પાસે ચોક રાખ્યો છે. મેડા ઉપર મઝાનું છજું મુકી દીધું છે. તેની પાંચ બારીઓ તો રસ્તાપર છે; ને કેટલીક છીંડીમાં પડે છે. એ ઘરને ઓટલા પણ સારા ઉંચા ને પહોળાં છે. મેડો જણાવ્યો છે તેમાં પાટિઆ સાગનાં નાખ્યા છે. દાદર ને નિસરણી એ પહોળાં છે. વચલા માળની ભીંતે ખુંટીઓ ને થોડાં તાકાં મુકાવ્યા છે. ઘણાં તાકા હોય ને તેમાં દીવાનાં કોડીઆં મુકે તો ભીંતે તેલના રેલારેલ થઇ રહે છે. તળીએ, મેડે ને છેક ત્રીજે માળે ચોરસાં દેવડાવવાનાં છે. બારી બારણાંના કમાડ સૂથારે તૈયાર કરી રાખ્યાં છે તે હવે ચઢાવશે. નકૂચા, સાંકળો ને મજગરાં લુહાર કાલેજ આપી ગયો. આજ પાછો જઇને જોઇ આવીશ કે કેટલું કામ તૈયાર થયું.

ભુજંગી છંદ. (ભુજંગ પ્રયાત).

છજાં જૉળીઆ મૉળીઆં ખુબ છાજે
રૂડાં બારીએ બારણા તે બિરાજે
ઘડાં, પાણીઆરાં રસોડાં રૂપાળા
ચણ્યાં ઈંટથી ને દીસે છે ચૂનાળાં

માળીઆં (माड्या) રૂડાં (चांगलें) રસોડાં (स्वयंपाकघरें) ઈંટ (वीटा) ચૂનાળ (चुनेगची).

˘ या खुणेचीं अक्षरें वाचतांना ऱ्हस्व वाचावीं.

કુતરૂ.

